Gujarat Samachar

EDII

September 5, 2023
Pg.13

## પીએમ મોદીએ નેશનલ ટીચર્સ એવોર્ડ વિજેતાઓ સાથે વાતચીત કરી

# ટેકનોલોજી અને શિક્ષકની મદદથી વિદ્યાર્થી ટર્મિનેટર બની શકે : પ્રધાન

(પીટીઆઇ) નવી દિલ્હી, તા. ૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે નેશનલ ટિચર્સ એવોર્ડના વિજેતાઓ સાથે વાતચીત કરી હતી અને ભારતના યુવાનોના ઘડતરમાં મહત્ત્વપૂર્ણ ફાળો આપવા બદલ તેમની પ્રશંસા કરી હતી.

## એવોર્ડ માટે સમગ્ર દેશમાંથી ૭૫ શિક્ષકોની પસંદગી આજે રાષ્ટ્રપતિ તેમના નામ જાહેર કરશે

વડાપ્રધાને પોતાના નિવાસ્થાને એવોર્ડ વિજેતાઓ સાથે મંત્રણા કરી હતી અને તે સમયે શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન સહિતના અનેક લોકો તે સમયે હાજર હતાં.

શિક્ષણ મંત્રાલયના અધિકારીઓના જણાવ્યા અનુસાર એવોર્ડ માટે સમગ્ર દેશમાંથી ૭૫ શિક્ષકોની પસંદગી કરવામાં આવી છે. પાંચ સપ્ટેમ્બરે રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ આ વિજેતાઓના નામ જાહેર કરશે. પસંદ કરાયેલા ૭૫ શિક્ષકોમાં ૫૦ શાળાના શિક્ષકો, ૧૩ હાયર એજ્યુકેશન ઇન્સ્ટીટ્યુટના શિક્ષકો અને ૧૨ સ્કીલ ડેવલોપમેન્ટ એન્ડ એન્ટ્રેપ્રેનરશીપના શિક્ષકોનો સમાવેશ થાય છે.

આ દરમિયાન કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું હતું કે ટેકનોલોજી અને શિક્ષકો સાથે મળીને વિદ્યાર્થીઓને ટર્મિનેટર બનાવી શકે છે.

શિક્ષણ પ્રધાને આ ટિપ્પણી ત્રણ વર્ષના 'એજ્યુકેશન ટુ એન્ટ્રેપ્રેનરશીપ : એમપાવરિંગ અ જનરેશન ઓફ સ્ટુડન્ટ્સ, એજ્યુકેટર્સ એન્ડ એન્ટ્રેપ્રેનર્સ' કાર્યક્રમના લોન્ચ પ્રસંગે કરી હતી.